# જય જિનેન્દ્ર

વિચારશીલ જૈનોનો વિચારશીલ અવાજ

Newspaper Registration No. GUJGUJ10312 •• Postal Registration No. GUJ-553 •• Vol II, Issue 3 •• June, 2003

Post Box No. 15008 Ambavadi, Amdavad 380 015 • Visit us : http://www.jainshasan.com • E-Mail : jayjinendra@jainshasan.com

## 'કોઈનું બુરૂં ઇચ્છીશ મા, કોઈનું બુરું કરીશ મા, બીજાઓનું ભલું કરવામાં જ યથાશક્તિ ઉદ્યત રહે.'

પૂજ્ય મુનિરાજ શ્રી ન્યાયવિજયજી મહારાજ

કષ્ટ કે સંકટો આવતાં અધીરો ન થા અને સન્માર્ગથી ચલિત ન થા. સન્માર્ગ પર અડગ રહીશ તો તારાં આવરણો નષ્ટ થતાં જશે અને તું હંમેશને માટે સુખી થઈશ.

●

માનસિક નબળાઈને કાઢી નાખ. મનને સ્થિર તથા દૃઢ બનાવ. અહીં અને આગળ સુખી થવા માટે સત્કર્મના માર્ગે વિહર.

●

સદાચરણી માણસોની દુઃખી હાલત અને દુરાચરણી માણસોની સુખી હાલત જોઈને ખોટો વિચાર બાંધીશ નહિ અને સત્યની મહત્તા વિષે શંકાશીલ થઈશ નહિ.

●

સત્યનો સિદ્ધાંત પરમેશ્વરનો સંદેશ છે એવો વિશ્વાસ રાખી વ્યવહારનું ઔચિત્ય જાળવવા સાથે ન્યાયથી – ઈમાનદારીથી દ્રવ્યોપાર્જન કર.

સદાચરણના બળે માનસિક ગ્લાનિ નષ્ટ થાય છે, સદ્‌વિચારો જાગ્રત રહે છે, દુર્ભાગ્ય દૂર થાય છે અને જીવન આનંદિત બને છે.

●

*સદાચરણ દરિદ્રની મહાન લક્ષ્મી છે અને શ્રીમંતનું અદ્‌ભુત બળ છે. પોતાના સર્વસ્વના ભોગે પણ એને સદા સુરક્ષિત રાખવું જોઈએ.*

સચ્ચરિતના પ્રબળ પ્રભાવે તું જરૂર યશસ્વી, તેજસ્વી અને ઓજસ્વી બનીશ.

●

ભગવાનની ભક્તિ યા ઉપાસના વસ્તુતઃ એની આજ્ઞાના પાલનમાં રહેલી છે, અને એની આજ્ઞાનું પાલન સમ્યક્ચારિત્રના પાલનમાં છે.

●

ભગવત્સ્મરણ, સત્સંગ અને સદ્‌ગ્રંથોનું વાચન એ સચ્ચરિત્રના ઘડતર માટે પ્રેરણા મેળવવાનાં સાધન છે.

●

તારાથી બીજાનું હિતસાધન જો ન બની શકે તો કંઈ નહિ, પણ બીજા સાથે અન્યાયથી તો કદીયે વર્તીશ નહિ.

●

ધર્મનું સર્વસ્વ સત્ય, સેવા અને સુશીલતામાં છે એ સમજી રાખ.

●

શરીરની સંભાળમાં પોતાને અર્થાત્ આત્માને ભૂલીશ નહિ. પોતે ચૈતન્યસ્વરૂપ આત્મા જ છે. પોતાનું કલ્યાણ એટલે આત્માનું કલ્યાણ અને આત્માનું કલ્યાણ એટલે પોતાનું કલ્યાણ.

●

ઇન્દ્રિયોનું સદ્‌વર્તન એ કલ્યાણ-સંપત્તિનો માર્ગ છે.

*યુદ્ધભૂમિને જીતનાર વીર છે, સિંહને પરાસ્ત કરનાર વીર છે, પણ પોતાની જાત પર જે જીત મેળવે છે તે તો વીરોનો વીર છે. જે આત્મજિત છે તે મહાવીર છે.*

જય જિનેન્દ્ર

ઈન્ટરનેટ ઉપર સત્તર હજારથી વધારે વાચકોનો વિશાળ પરિવાર ધરાવતું અને ઈન્ટરનેટ ઉપર સીધેસીધું ગુજરાતીમાં વાંચી શકાય તેવું એક માત્ર જૈન મેગેઝિન

# ભગવાન મહાવીરના અનુયાયી રાજાઓ

*વૈશાખ સુદ ૧૧ : શાસન સ્થાપના દિવસ પ્રસંગે વિશેષ*

શ્રમણ ભગવાન મહાવીરના ઉપદેશ અને આચરણથી પ્રભાવિત થઈને અનેક રાજાઓ ધર્મમાર્ગે વળ્યા હતા. કેટલાક રાજાઓએ જૈનધર્મ સ્વીકાર્યો હતો તો કેટલાક રાજાઓએ તો ભગવાન મહાવીરનાં ચરણોમાં શ્રમણજીવન પણ અંગીકાર કર્યું હતું. રાજપદ પામ્યા વિના તો સેંકડો રાજકુમારોએ પણ ભગવાનનાં ચરણોમાં દીક્ષા લીધી હતી.

પ્રાચીન જૈન આગમોમાં ભગવાન મહાવીરના અનુયાયી એવા અનેક રાજાઓનાં વૃત્તાંતો મળે છે. જૈનોમાં શ્રેણિક, કોણિક, ઉદયન વગેરે રાજાઓની હકીકતો જાણીતી છે. જૈનધર્મનો સ્વીકાર કરનારા કેટલાક રાજાઓએ તો ધર્મના પ્રચારમાં પણ પોતાનું અમૂલ્ય પ્રદાન કર્યું છે.

**શ્રેણિક રાજા**

શ્રમણ ભગવાન મહાવીરના અનુયાયી રાજાઓની સૂચિમાં શ્રેણિકનું નામ સૌથી ઉપલી હરોળમાં આવે છે. આનું મૂળ નામ બિંબિસાર (કેટલાક ગ્રંથો પ્રમાણે ભંભાસાર) હતું. તે પ્રસેનજિત રાજાનો પુત્ર હતો અને નાગવંશમાં જન્મેલો હતો. ઇતિહાસ પ્રસિદ્ધ રાજગૃહી નગરીનો શાસક એવો શ્રેણિક રાજા પહેલીવાર ભગવાન મહાવીરના શિષ્ય અનાથી મુનિના સંપર્કમાં આવ્યો તે પછી તેને જૈનધર્મમાં રુચિ જાગ્રત થઈ. શ્રેણિકને જૈનધર્મ તરફ વાળવામાં તેની પટ્ટરાણી ચેલ્લણાનું પણ યોગદાન હતું. આ ચેલ્લણા ભગવાન મહાવીરના મામા અને વૈશાલી નગરીના શાસક ચેટકરાજની પુત્રી હતી. એ રીતે તે ભગવાન મહાવીરની બહેન થાય અને શ્રેણિક રાજા ભગવાન મહાવીરના બનેવી થાય!

શ્રેણિક રાજાએ જૈનધર્મની ઉન્નતિમાં ઘણું યોગદાન આપ્યું છે. રાજા બન્યા પહેલાં શ્રેણિકને ઘણી મુશ્કેલ પરિસ્થિતિઓમાંથી પસાર થવું પડ્યું હતું. કૌટુંબિક રાજખટપટોનાં કારણોસર કુમાર અવસ્થામાં તો તેને પોતાનું ઘર પણ છોડવું પડ્યું હતું. બેનાતટ નગરના જૈન શ્રેષ્ઠિએ તેનામાં વિશિષ્ટ પ્રકારનું તેજ જોયું અને પોતાની પુત્રી નંદા સાથે તેનો વિવાહ કરાવ્યો તે પછી શ્રેણિકના જીવનમાં ચડતીના દિવસો આવ્યા. આ નંદાએ જે પુત્રને જન્મ આપ્યો તે જ સુપ્રસિદ્ધ બુદ્ધિશાળી મહામંત્રી અભયકુમાર. તેની બુદ્ધિ અને ચાતુર્યની સેંકડો કથાઓ જૈન હતી, જે નિયમિતપણે શ્રેણિક રાજા માટે સોનાના ચોખા બનાવતો હતો.

રાજા શ્રેણિકનો સમગ્ર પરિવાર પણ ભગવાન મહાવીરમાં અનન્ય શ્રદ્ધા ધરાવતો હતો. અભયકુમાર ઉપરાંત નંદીષેણ, મેઘકુમાર વગેરે શ્રેણિક રાજાના અનેક પુત્રોએ ભગવાન મહાવીરનાં ચરણોમાં દીક્ષા લીધાનું ઇતિહાસમાં નોંધાયું છે. શ્રેણિક રાજાની અનેક રાણીઓએ પણ ભગવાન મહાવીર પાસે દીક્ષા લીધી હતી.

તત્કાલીન અંધાધુંધ રાજકીય પરિસ્થિતિઓમાં શ્રેણિક રાજાએ જે રીતે રાજ્યનું સંચાલન કર્યું અને પોતાની સીમાઓનો વિસ્તાર કર્યો તે ઇતિહાસ ખરેખર રોમાંચક છે.

ભગવતીસૂત્ર વગેરે આગમ મળી આવે છે.

**અજાતશત્રુ ઉર્ફે કોણિક રાજા**

ભગવાન મહાવીરના અનન્ય ભક્ત રાજાઓમાં અજાતશત્રુનો પણ સમાવેશ થાય છે. તે મહારાજા શ્રેણિકનો પુત્ર હતો અને પોતાના પિતાની સામે બળવો કરીને ગાદી ઉપર આવ્યો હતો. શ્રેણિક જેવા પ્રતાપી રાજા અને પિતાને પણ જેલમાં નાખનાર અજાતશત્રુનું શાસન ખૂબ કઠોર પ્રકારનું હતું. તે ગુનેગારો પ્રત્યે જરા જેટલી પણ દયા દાખવતો નહીં. પોતાના પિતા સાથે તેણે કરેલા દુર્વ્યવહાર બદલ પાછળથી તેને ખૂબ જ પસ્તાવો થયો હતો અને પોતાના પિતાને જેલમાંથી મુક્ત કરવા જતી વખતે જ શ્રેણિક રાજાએ 'મારો પુત્ર મને

- *પશ્ચિમના લોકોને કપડાં પહેરતાં પણ નહોતાં આવડતાં એ પહેલાંથી ભારતમાં લોકતંત્રની કલ્પના સાકાર થઈ ચૂકી હતી. લોકતંત્રના અસલી પુરસ્કર્તા જૈનો હતા. મહારાજ ચેટક ઉપરાંત તેમની આજ્ઞા પાળનારા કાશી અને કોશલ દેશના જૈન રાજાઓને કલ્પસૂત્ર સહિત અનેક આગમોમાં ગણતંત્રના પુરસ્કર્તાઓ તરીકે ઓળખાવાયા છે.*

ઇતિહાસમાં સચવાયેલી છે. આ અભયકુમારે પણ શ્રમણ ભગવાન મહાવીરનાં ચરણોમાં શ્રમણજીવન અંગીકાર કર્યું હતું.

શ્રેણિક રાજાની ભગવાન મહાવીર પ્રત્યેની તીવ્ર ભક્તિનો એક જ દાખલો કાફી થઈ પડે તેવો છે : તે દરરોજ સવારમાં ભગવાન મહાવીરની પ્રતિમાની પૂજા કરતી વખતે એકસો આઠ ચોખાનો સાથિયો કરતો હતો. આ ચોખા સોનામાંથી બનાવવામાં આવતા હતા! આ માટે તેણે કાયમી ધોરણે એક સોનીની નીમણૂક પણ કરી

ગ્રંથોમાં મહારાજા શ્રેણિક અને તેના પરિવાર ઉપરાંત તેની રાજકીય કુશળતાની અનેક પ્રગટ અપ્રગટ વાતો સચવાઈ છે. બૌદ્ધ ઇતિહાસ ઉપરથી પણ પ્રમાણિત થયું છે કે શ્રેણિક એક કુશળ અને સક્ષમ શાસક હતો. એટલું જ નહીં, તે યશસ્વી, તીવ્ર મેધાનો સ્વામી અને બહોળા રાજતંત્રનો માલિક પણ હતો.

શ્રેણિક રાજા અને શ્રમણ ભગવાન મહાવીર વચ્ચે થયેલા સંવાદો અને વાતચીતની નોંધો અનેક જૈન આગમોમાં આજે પણ

મારવા આવી રહ્યો છે' તેવી ગેરસમજણથી આત્મહત્યા કરી લેતાં જ કોણિકનું મન રાજગૃહી નગરીમાંથી ઊઠી ગયું હતું અને પછીથી તેણે ચંપાનગરીમાં રાજધાનીની સ્થાપના કરી હતી. ભગવાન મહાવીરે તેને બોધ આપીને તેના જીવનમાં ભારે સુધારો કર્યો હતો. પાછળથી તે એટલો બધો ધાર્મિક બની ગયો હતો કે ભગવાન મહાવીર રોજેરોજ ક્યાં વિચરે છે તેની રજેરજની માહિતી મેળવતો

**અનુસંધાન પાન ૫ ઉપર**

# ગ્રહદશા અને તેનું ફળ

પૂજ્ય સાધ્વી શ્રી જિતપૂર્ણાજી મહાસતીજી

લેખાંક પાંચમો

## દશાધિપતિ ગુરુ કઈ રાશિમાં હોય તો કેવું ફળ આપે?

**મેષ રાશિમાં રહેલ ગુરુનું દશાફળ**

જે જાતકનો દશાધિપતિ ગુરુ જન્મકુંડલીમાં મેષરાશિમાં હોય તેને ગુરુમહાદશાકાળમાં ક્ષેત્ર યાને જમીનની માલિકી, વિશાળ ભૂમિસંપાદન, ઉત્તમ વસ્ત્રોની પ્રાપ્તિ, મનની પ્રસન્નતા, મહદ્ આધિપત્ય, સમાજમાંથી સન્માનપ્રાપ્તિ તેમ જ દરેક પ્રકારના ઈષ્ટાર્થની સિદ્ધિ પ્રાપ્ત થાય છે.

**વૃષભ રાશિમાં રહેલ ગુરુનું દશાફળ**

જે જાતકનો દશાધિપતિ ગુરુ જન્મકુંડલીમાં વૃષભરાશિમાં હોય તેને ગુરુમહાદશાકાળમાં ઉચ્ચ સત્તાપ્રાપ્તિ, સરકારથી સન્માન, ધન્ય, ધાન્ય, ગોધન વગેરે સર્વ સમૃદ્ધિનો લાભ, રત્નોનો લાભ, ઉત્તમ મિત્રોની પ્રાપ્તિ વગેરે શુભ ફળ મળે છે.

**મિથુન રાશિમાં રહેલ ગુરુનું દશાફળ**

જે જાતકનો દશાધિપતિ ગુરુ જન્મકુંડલીમાં મિથુનરાશિમાં હોય તેને ગુરુમહાદશાકાળમાં જીવન-સાથી તેમ જ સંતાનને મૃત્યુ તુલ્ય કષ્ટ, ખેતીનો નાશ, સ્વજનો-કુટુંબીજનોમાં વિરોધ, સરકારથી ભય, સ્થાનભ્રંશ જેવાં અત્યંત કષ્ટો ભોગવવાં પડે છે.

**કર્ક રાશિમાં રહેલ ગુરુનું દશાફળ**

જે જાતકનો દશાધિપતિ ગુરુ જન્મકુંડલીમાં કર્કરાશિમાં હોય તેને ગુરુમહાદશાકાળમાં સર્વોચ્ચ સત્તાપ્રાપ્તિ, ઉત્તમ વસ્તુઓનો લાભ, ગોધન, ભૂમિલાભ, ધનસંપત્તિ, ધાન્ય, સમૃદ્ધિ પ્રાપ્ત થાય છે. જમીનની જાગીરી તથા સ્વજનોનો સહકાર મળવા જેવાં શુભ ફળો પ્રાપ્ત થાય છે.

**સિંહ રાશિમાં રહેલ ગુરુનું દશાફળ**

જે જાતકનો દશાધિપતિ ગુરુ જન્મકુંડલીમાં સિંહરાશિમાં હોય તેને ગુરુમહાદશાકાળમાં સરકાર તરફથી સન્માન, બહુમાનપ્રાપ્તિ, ભૂમિલાભ, પ્રયત્નસાધ્ય કાર્યોમાં સિદ્ધિ અને કિલ્લો, જંગલ જેવાં દુર્ગમ સ્થાનોનું સ્વામિત્વ વગેરે શુભ ફળ પ્રાપ્ત થાય છે.

**કન્યા રાશિમાં રહેલ ગુરુનું દશાફળ**

જે જાતકનો દશાધિપતિ ગુરુ જન્મકુંડલીમાં કન્યારાશિમાં હોય તેને ગુરુમહાદશાકાળમાં ધનનાશ, ભૂમિનાશ, પશુધનનાશ તથા પત્ની, પુત્ર અને બંધુવર્ગથી વિરોધ, શારીરિક પીડા જેવાં અનેક કષ્ટકર ફળ પ્રાપ્ત થાય છે.

**તુલા રાશિમાં રહેલ ગુરુનું દશાફળ**

જે જાતકનો દશાધિપતિ ગુરુ જન્મકુંડલીમાં તુલારાશિમાં હોય તેને ગુરુમહાદશાકાળમાં સ્થળાંતરનો યોગ આવે છે, અત્યંત કષ્ટો પ્રાપ્ત થાય છે અને વિજાતીયથી કલહ ઝગડા થાય છે. આમ અનેક અશુભ ફળો પ્રાપ્ત થાય છે.

**વૃશ્ચિક રાશિમાં રહેલ ગુરુનું દશાફળ**

જે જાતકનો દશાધિપતિ ગુરુ જન્મકુંડલીમાં વૃશ્ચિકરાશિમાં હોય તેને ગુરુમહાદશાકાળમાં મનોવિલાસ, ઉચ્ચ અધિકાર પ્રાપ્તિ, દેવપૂજા, બ્રાહ્મણવર્ગની પૂજાનો મોકો, યજ્ઞાદિ સત્કાર્યોનો અવસર પ્રાપ્ત થવા જેવાં શુભ ફળો પ્રાપ્ત થાય છે.

**ધન રાશિમાં રહેલ ગુરુનું દશાફળ**

જે જાતકનો દશાધિપતિ ગુરુ જન્મકુંડલીમાં ધનરાશિમાં હોય તેને ગુરુમહાદશાકાળમાં પુત્રસંતાનમાં વૃદ્ધિ, સર્વકાર્યોમાં સિદ્ધિ, ધનસંપત્તિની અભિવૃદ્ધિ, શ્રેષ્ઠ મણિરત્નો, ઉત્તમ વસ્ત્ર અને આભૂષણોનો લાભ, મિત્રલાભ, વિપુલ સુખસમૃદ્ધિ તથા યશ કીર્તિ પ્રાપ્ત થાય છે.

**મકર રાશિમાં રહેલ ગુરુનું દશાફળ**

જે જાતકનો દશાધિપતિ ગુરુ જન્મકુંડલીમાં મકરરાશિમાં હોય તેને ગુરુમહાદશાકાળમાં ક્ષેત્રનાશ, ધનનાશ, પુત્રપરિવારનો નાશ, સરકાર તરફથી દંડ, મતિભ્રષ્ટતા, સમાજથી વિરોધ, સ્થળાંતરનો યોગ તથા શત્રુઓની વૃદ્ધિ થવા જેવાં અશુભ ફળો મળે છે.

**કુંભ રાશિમાં રહેલ ગુરુનું દશાફળ**

જે જાતકનો દશાધિપતિ ગુરુ જન્મકુંડલીમાં કુંભરાશિમાં હોય તેને ગુરુમહાદશાકાળમાં પશુથી પીડા, કુટુંબીજનોથી કષ્ટ, શત્રુવર્ગમાં વધારો, સમાજથી તકલીફ, ધનનાશ જેવાં અશુભ ફળો મળે છે.

**મીન રાશિમાં રહેલ ગુરુનું દશાફળ**

જે જાતકનો દશાધિપતિ ગુરુ જન્મકુંડલીમાં મીનરાશિમાં હોય તેને ગુરુમહાદશાકાળમાં વિખ્યાત કીર્તિની પ્રાપ્તિ, તીર્થયાત્રા, જ્ઞાનપ્રાપ્તિ, સુયજ્ઞનો લાભ, જમીન-જાયદાદ તેમ જ ધનસંપત્તિના પરિપૂર્ણ સુખને આપનાર એવાં ઉચ્ચ ફળોની પ્રાપ્તિ થાય છે.

●

**જુદા જુદા યોગો અને તેનું ફળ**

**રવિયોગ :** આ યોગ અનેક અશુભ યોગોનો નાશ કરનાર મનાય છે અને તેને લગ્નશુદ્ધિ જેટલો પ્રબળ યોગ માનવામાં આવે છે.

**રાજયોગ :** આ યોગથી માંગલિક કાર્યોમાં સફળતા મળે છે. આ યોગમાં કરેલાં ધાર્મિક અને પૌષ્ટિક કાર્યો સફળ થાય છે. આ યોગમાં શુભ મંત્રની સિદ્ધિ પણ થાય છે.

**કુમારયોગ :** નવા સંબંધો બાંધવા, નવો વ્યાપાર કરવો, ગૃહારંભ, દીક્ષા અને મંત્રસિદ્ધિ માટે આ યોગ અદ્ભુત છે.

***

**શુભ તિથિઓ**

ચૈત્ર સુદ ૧, વૈશાખ સુદ ૩ (અખાત્રીજ), વિજયદશમી (દશેરા) અને બેસતું વરસ, આ બધા દિવસો હંમેશ માટે સારા માનવામાં આવે છે.

જય જિનેન્દ્રની પાઠશાળા ● જય જિનેન્દ્રની પાઠશાળા ● જય જિનેન્દ્રની પાઠશાળા

# આપણા ગુરુદેવ કેવા હોય છે?

બાળદોસ્તો, આપણે એકવાર જોયું હતું કે આપણે જૈન છીએ. આપણે શા માટે જૈન છીએ અને આપણા ભગવાન કેવા છે એ પણ આપણે ભણ્યા હતા. હવે આપણે એ જોઈશું કે આપણા ગુરુદેવ કોણ અને કેવા હોય છે.

*

આપણા ગુરુદેવ કેવા હોય છે?

આપણા ગુરુદેવ શાંત, સરળ અને સાચાબોલા હોય છે.

આપણા ગુરુદેવ-

પગમાં બૂટ, ચંપલ, સેન્ડલ કે એવું કશું પહેરતા નથી. તેઓ ચાલે ત્યારે એમના પગ ખુલ્લા હોય છે.

આપણા ગુરુદેવ-

એક ગામથી બીજે ગામ જાય ત્યારે તેઓ કોઈ વાહનમાં બેસતા નથી. તેઓ ગામમાં કે ગામ બહાર જ્યાં જાય ત્યાં ચાલીને જ જાય છે.

આપણા ગુરુદેવ-

ચાલતા હોય ત્યારે તેમની નજર જમીન ઉપર જ હોય છે. તેમના પગ નીચે લીલોતરી, જીવજંતુ આવી ન જાય તેની તેઓ પૂરી તકેદારી રાખતા હોય છે.

આપણા ગુરુદેવ-

બોલે ત્યારે પોતાના મુખ પાસે નાનકડું વસ્ત્ર રાખે છે. આ વસ્ત્રને મુહપત્તિ કહેવાય છે.

આપણા ગુરુદેવ-

જે કપડાં પહેરે છે તે ફક્ત સફેદ કલરના જ હોય છે. તેઓ રંગીન કે મોંઘાં કપડાં પહેરતા નથી.

આપણા ગુરુદેવ-

કદી કોઈને મારતા નથી. કદી જૂઠું બોલતા નથી. કદી ચોરી કરતા નથી. કામ વગરની વસ્તુઓ રાખતા નથી. ક્યારેય રાતે વાપરતા નથી. કદી કોઈ ઉપર ગુસ્સો કરતા નથી. કદી કોઈ સાથે છેતરપિંડી કરતા નથી. ચાડી-ચુગલી કરતા નથી. કોઈને ખોટું સમજાવતા નથી.

**

# ગુરુદેવ પાસે કેવી રીતે બેસશો?

ગુરુ ભગવંતની હાજરીમાં ખુરસી, પલંગ, ટેબલ, સોફા વગેરે સાધનો ઉપર બેસવાનું ટાળો. તમને પગની તકલીફ, કમ્મરનો દુખાવો, બિમારી, ઘઢપણ વગેરે મુશ્કેલીઓ હશે તો ગુરુદેવ આપોઆપ ઉચિત સૂચના કરશે. કદાચ કોઈ કારણસર ગુરુ ભગવંતના ધ્યાનમાં આ બાબત ન આવે તો તમે તેમનું ધ્યાન દોરો : 'સાહેબજી, આપની આજ્ઞા હોય તો મારે અમુક કારણવશ નાછુટકે ખુરસી ઉપર બેસવું પડે તેમ છે.' ગુરુદેવ તમને તરત જ યોગ્ય શબ્દોમાં તેનો જવાબ આપશે. પછી તમે ખુરસી વગેરે ઉપર બેસી શકો છો.

# દાદીમાંની વાતો

## આઝાદીનો આનંદ

ગાંધીજીના જીવનનો એક પ્રસંગ છે.

એકવાર પ્રાર્થના પછી પ્રવચન પૂરું કરીને ગાંધીજી નિવૃત્ત થયા. તે વખતે ગાંધીજીના વિચારોને અમલમાં મૂકનારા એક ભક્તે તેમને પોતાના ઘરે આવવા વિનંતી કરી. તેનું નામ દીનાનાથ હતું. સમયનો અભાવ હોવા છતાં તેની ભાવનાને માન આપીને ગાંધીજીએ તેના ઘરે જવાનું કબૂલ રાખ્યું.

દીનાનાથના ઘરે ગાંધીજી ગયા ત્યારે આખા કુટુંબને આનંદ આનંદ થઈ ગયો.

દીનાનાથના મનમાં થયું કે મારી ખાસ લાગણીને માન આપીને ગાંધીજી મારા ઘરે આવ્યા છે તો મારે તેમને કંઈક આપવું જોઈએ. ગાંધીજી તો કોઈ પાસે કશું લેવું નહીં તેવા સિદ્ધાંતવાળા હતા તેથી તેમણે કશુંયે લેવાની ના પાડી. પરંતુ દીનાનાથની વારંવારની વિનંતીથી છેવટે ગાંધીજી પીગળી ગયા. તેમણે શરત કરી : 'હું જે માગું તે તારે આપવું પડે. બોલ, તારી તૈયારી હોય તો હું તારી ભેટ સ્વીકારું.' દીનાનાથે હા પાડી.

ગાંધીજીએ દીનાનાથના ઘરમાં પીંજરામાં પૂરેલો પોપટ માગી લીધો. બધા વિચારમાં પડી ગયા : ગાંધીજીને પોપટની શી જરૂર? તેઓ એનું શું કરશે? પણ દીનાનાથ વચનથી બંધાયેલો હતો તેથી તેણે ગાંધીજીને પોપટ આપી દીધો. ગાંધીજીએ પીંજરું ખોલી નાખ્યું. પોપટ બહાર આકાશમાં જઈને મીઠું મીઠું ગીત ગાવા લાગ્યો.

'બાપુ, તમે તો પોપટને ઊડાડી મૂક્યો' દીનાનાથે ફરિયાદના સૂરમાં કહ્યું.

ગાંધીજીએ સમજાવ્યું : આઝાદી કેવી ચીજ છે તે તેં નજરે જોયું ને? દરેકને આઝાદી જ ગમે છે. જો આ આઝાદ થયેલો પોપટ કેવું મીઠું ગીત ગાય છે!

આઝાદીનાં લાંબાં લાંબાં ભાષણો કરતાં આ નાનકડો બોધ કેટલું બધું કહી જાય છે?

– ***શ્રીમતી વીરબાળાબેન શાહ*** *(ભારતી સોસાયટી, અમદાવાદ)*

**પોતાના માટે માગીએ તે યાચના.**
**બીજાના માટે માગીએ તે પ્રાર્થના.**

સમાધાનદાતા : પૂજ્ય મુનિરાજ શ્રી મિત્રાનંદસાગરજી મહારાજ

**૧૮. તીર્થંકરો દીક્ષા સમયે સિદ્ધોને નમસ્કાર કરે એવું જીવનચરિત્રોમાં તો વાંચ્યું છે. પણ આગમમાં ક્યાંય આ વાતનો ઉલ્લેખ મળે ખરો?**

તીર્થંકરો દીક્ષાસમયે સિદ્ધોને નમસ્કાર કરે એ તો જૈન દર્શનમાં સર્વત્ર જાણીતી બીના છે. આમ છતાં તમને આગમ-પ્રમાણમાં રસ છે તો આ રહ્યું એક નમૂનારૂપ પ્રમાણ કે જે શ્રમણ ભગવાન મહાવીરના દીક્ષાપ્રસંગ સાથે સંકળાયેલું છે–

तओ णं समणे भगवं महावीरे दाहिणेण दाहिणं वामेण वामं पंचमुट्ठियं लोयं करेत्ता सिद्धाणं नमोक्कारं करेइ।

*– આચારંગ સૂત્ર, બીજો શ્રુતસ્કંધ, ૧૫મું અધ્યયન*

**૧૯. અત્યારના સમયના કોઈ મનુષ્યને અવધિજ્ઞાન થઈ શકે ખરૂં?**

આ કાળના મનુષ્યને અવધિજ્ઞાન ન થાય એવું કોઈ શાસ્ત્રવચન જોવામાં આવ્યું નથી. તેમ અવધિજ્ઞાનનો વિચ્છેદ થયો હોવાનું પણ હજી સુધી જાણવામાં આવ્યું નથી. આથી અત્યારના સમયના મનુષ્યને અવધિજ્ઞાન ન થાય એવું કહી શકાય નહીં.

**૨૦. સાધુ-સાધ્વીજી ભગવંતો સાવરણી વાપરી શકે કે નહીં?**

ન વાપરી શકે.

ગચ્છાચાર પઈન્નગમાં આ બાબતનો સ્પષ્ટ ઉલ્લેખ છે. ત્યાં શ્રમણ ભગવાન મહાવીરે ગણધર શ્રી ગૌતમસ્વામીને ઉદ્દેશીને એવું જણાવ્યું છે કે *હે ગૌતમ, ખજૂરપત્ર અને મુંજની સાવરણીથી જે ઉપાશ્રય વાળે છે તેના મનમાં જીવો પ્રત્યે દયા નથી એમ તું બરોબર જાણ.*

खज्जूरीपत्तमुंजेण जो पमज्जे उवासयं।
नो दया तस्स जीवेसु सम्मं जाणाहि गोयमा!

*– ગચ્છાચાર પઈન્નગ, ગા. ૭૬*

**૨૧. જૈનસમાજમાં એવી પ્રસિદ્ધિ છે કે શ્રી. હરિભદ્રસૂરિ મહારાજને શિષ્યો નહોતા. મેં એક પુસ્તક વાંચ્યું હતું તેમાં શ્રી. વિજયસેન નામના આચાર્ય શ્રી. હરિભદ્રસૂરિના શિષ્ય હોવાનું લખેલું છે. તો આમ કેમ?**

લાગે છે કે તમે નામની સમાનતાથી દોરવાયા હશો. યાકિનીસૂનુ તરીકે ઓળખાયેલા અને ૧૪૪૪ ગ્રંથોના રચાનાકાર તરીકે પ્રસિદ્ધ એવા શ્રી. હરિભદ્રસૂરિ શિષ્યપુણ્યથી વંચિત હતા એવું તેમના જીવનને દર્શાવનારા અનેક ગ્રંથોથી પ્રમાણિત થઈ ચૂક્યું છે. તમે જે વિજયસેનની વાત કરો છો તે વાસ્તવમાં નાગેન્દ્રગચ્છીય હરિભદ્રસૂરિના શિષ્ય હતા અને તેઓ આબુ પર્વત ઉપર વસ્તુપાલ-તેજપાલ દ્વારા નિર્મિત લૂણિગવસહીના પ્રતિષ્ઠાકારક હતા. ધર્માભ્યુદય કાવ્યના લેખક શ્રી. ઉદયપ્રભના ગુરુ એવા શ્રી. વિજયસેનને યાકિનીપુત્ર શ્રી. હરિભદ્રસૂરિ સાથે કંઈ લાગતું વળગતું નથી. એક વાત એ પણ છે કે હરિભદ્રસૂરિ નામના પ્રસિદ્ધ આચાર્યો ચારથી વધુ સંખ્યામાં થયાનું ઇતિહાસનાં પાનાંઓ ઉપર નોંધાયેલું છે.

---

**અનુસંધાન પાન ૨નું ચાલુ**

રહેતો હતો અને તેમના વિહારના પાકા સમાચાર મળે પછી જ તે ભોજન કરતો હતો. તે યુદ્ધો કરવાનો એટલો બધો રસીયો હતો કે પોતાના સગા નાના – તેની માતા ચેલ્લણાના પિતા ચેટકરાજ – સાથે પણ તે યુદ્ધમાં ઊતર્યો હતો! રાજકીય ખટપટોના ઇતિહાસમાં કોણિકનું જીવન ઘણી બધી જગ્યા રોકે છે. આમ છતાં શ્રમણ ભગવાન મહાવીરની તેણે જે અનન્ય ભક્તિ કરી છે તેને પણ ઇતિહાસકારોએ ગૌરવભર્યું સ્થાન તો આપ્યું જ છે.

જૈન આગમોમાં મળતી તેની કથાઓ એવું સૂચવે છે કે પોતાના જન્મ પછી તરત જ તેની એક આંગળી કુક્કર દ્વારા ચવાઈ ગઈ હતી તેથી તે આખી જિંદગી કોણિક તરીકે જ ઓળખાયો હતો. જૈન આગમોમાં તેનાં કોણિક અને કૂણિક એવાં નામો મળે છે. ઔપપાતિકસૂત્ર નામના આગમમાં કોણિક રાજાના જીવનપ્રસંગો વિસ્તારથી મળી આવે છે.

## મહારાજા ચેટક

તેઓ ભગવાન મહાવીરના મામા થતા હતા. વૈશાલી નગરીના શાસક એવા ચેટકરાજને ગણતંત્રના પુરસ્કર્તા તરીકે જોવામાં આવે છે. ઇતિહાસ કહે છે કે લોકતંત્રની પહેલી કલ્પના મહારાજા ચેટકે કરી હતી. મને એવું લાગે છે કે આમાં ભગવાન મહાવીરના ઉપદેશોનો પણ મોટો ફાળો હોવો જોઈએ, કેમકે ભગવાન મહાવીરે જે અપરિગ્રહનો ઉપદેશ તત્કાલીન રાજાઓને આપ્યો હતો તે કારણે જ તે સમયના રાજાઓ રાજકાજ તરફ અનાસક્તિ ધરાવતા થયા હતા. કાશી અને કોશલ દેશના રાજાઓ કે જેઓ મહારાજ ચેટકની આજ્ઞાનું વહન કરતા હતા તેમણે પણ પોતપોતાનાં રાજ્યોમાં ગણતંત્રની વ્યવસ્થા ગોઠવી હતી. આ બધા રાજાઓ ભગવાન મહાવીર નિર્વાણ સમયે તેમના સમવસરણમાં ઉપસ્થિત હતા તેને ઘણું સૂચક માનવું જોઈએ. લોકતંત્રની પરિકલ્પના એ પશ્ચિમનું પ્રદાન નથી પરંતુ પૂર્વનું પ્રદાન છે એટલું જ નહીં તે જૈનોનું પ્રદાન છે એ સ્વીકાર કર્યા વિના ચાલવાનું નથી. કલ્પસૂત્ર સહિત અનેક

*ભગવાન મહાવીરે પ્રબોધેલા અપરિગ્રહના ઉપદેશથી પ્રભાવિત થઈને જ તે યુગના રાજાઓ રાજકાજ તરફ અનાસક્તિ ધરાવતા થયા હતા અને 'રાજાના બદલે લોકોનું શાસન' એ વિચારનું બીજારોપણ કરનારા બન્યા હતા.*

આગમો ઉપરાંત અન્ય અનેક જૈન ગ્રંથોમાં ચેટક રાજાને ગણતંત્રોના નાયક તરીકે ઓળખાવ્યા છે, આ ઉપરાંત કાશી અને કોશલ દેશનાં ગણતંત્રોનો સ્પષ્ટ ઉલ્લેખ જૈન ગ્રંથોમાં મળે છે તે પણ આ હકીકતને સમર્થન આપે છે.

મહારાજા ચેટકને ચેલ્લણા વગેરે સાત તેજસ્વી પુત્રીઓ હતી અને તે દરેકે ભગવાન મહાવીરનાં ચરણોમાં પોતાનું જીવન સમર્પિત કર્યું હતું.

મહારાજ ચેટક વૃદ્ધાવસ્થાએ પહોંચ્યા પછી પણ એવા પરાક્રમી હતા કે તેઓ ભલભલા યુવાન રાજાઓને યુદ્ધના મેદાનમાં હંફાવી શકતા હતા. ભગવાન મહાવીરના ભક્ત રાજાઓમાં ચેટકનું નામ ટોચનું સ્થાન ધરાવે છે.

**વધુ આગામી અંકે**

*શ્રેણિક રાજા ભગવાન મહાવીરના બનેવી થાય એ વાત તમે કોઈ દિવસ વિચારી છે? ચેલ્લણા ભગવાનના મામાની દીકરી બહેન થાય તેથી શ્રેણિક તેમના બનેવી થાય! સમજી ગયા?*

# આપનું પુસ્તક મળ્યું

## ● વિરલ વિભૂતિઓ

*સંપાદક : પૂજ્ય આચાર્ય શ્રી ચિદાનંદસૂરીશ્વરજી મહારાજ*
*પ્રકાશક : પદ્માવતી પ્રકાશન મંદિર,*
*શ્રી ઝવેરી સ્ટોર્સ, સુભાષ ચોક, ગોપીપુરા, સુરત*
*મૂલ્ય : ૫૦ રૂપિયા*

જૈનધર્મને અજવાળનાર વિવિધ મહાનુભાવોની નાની નાની કથાઓનો સંગ્રહ આ લઘુકાય પુસ્તિકામાં કરવામાં આવ્યો છે. અમરકુમાર, ગજસુકુમાર, ખંધકમુનિ વગેરેનાં લઘુ કથાનકો ઉપરાંત શંખેશ્વર તીર્થનો સંક્ષિપ્ત ઇતિહાસ અને આગામી ચોવીસી અંગે ટૂંકી નોંધો અહીં મૂકવામાં આવી છે.

## ● ગણધરવાદ

*સંપાદક અને પ્રકાશક ઉપર મુજબ*
*મૂલ્ય : ૩૫ રૂપિયા*

ભગવાન મહાવીર સાથે વૈદિક પંડિતોનો જે વિસ્તૃત વાર્તાલાપ થયો તે ગણધરવાદના નામે જૈન સંઘમાં પ્રસિદ્ધ છે. આ પુસ્તિકામાં ટૂંકાણમાં ગણધરવાદની રજુઆત કરવામાં આવી છે. સાથોસાથ પ્રાસંગિક રીતે તેમાં ગૌતમસ્વામીનો રાસ અને દીવાળીનાં દેવવંદનનો સમાવેશ પણ કરી દેવામાં આવ્યો છે.

## ● યુગાદિ દેશના

*સંપાદક અને પ્રકાશક ઉપર મુજબ*
*મૂલ્ય : ૫૧ રૂપિયા*

ભગવાન આદિનાથે પોતાના અઠ્ઠાણુ પુત્રોના પ્રતિબોધ માટે જે ઉપદેશ આપ્યો તે યુગાદિદેશનાના નામે પ્રસિદ્ધ છે. મૂળ રચના સોમમંડન ગણિની છે. મૂળ ગ્રંથનો ગુજરાતી અનુવાદ વિક્રમ સંવત ૧૯૭૨માં ભાવનગરની જૈનધર્મ પ્રસારક સભા દ્વારા પ્રકાશિત કરવામાં આવ્યો હતો તે અહીં પુનર્મુદ્રિત થયો છે. પુસ્તિકામાં પ્રાસંગિક ચિત્રાંકનો પણ મૂકવામાં આવ્યાં છે.

**નોંધ : ઉક્ત ગ્રંથ પ્રતાકારે પણ ઉપલબ્ધ છે.**
*સંપાદક અને પ્રકાશક ઉપર મુજબ*

## ● નેમિનાથ ચરિત્ર

*ભાષાંતરકાર : પૂજ્ય મુનિરાજ શ્રી જયાનંદવિજયજી મહારાજ*
*પ્રકાશક : ઉપર મુજબ*
*મૂલ્ય : ૫૧ રૂપિયા*

શ્રીમદ્ ગુણવિજયજી મહારાજ વિરચિત નેમિનાથ ચરિત્રનું ભાષાન્તર અહીં રજૂ કરવામાં આવ્યું છે, જેને પૂજનીય આચાર્ય શ્રી ચિદાનંદસૂરીશ્વરજી મહારાજે સંશોધિત કર્યું છે.

## ● ઋષભદેવ પ્રભુના તેર ભવ તથા અક્ષયતૃતીયા

*લેખક : સેવંતીલાલ છગનલાલ શાહ પાટણવાળા*
*સંપાદક અને પ્રકાશક ઉપર મુજબ*
*મૂલ્ય : ૬૫ રૂપિયા*

આ પુસ્તકનું લેખન પાટણ નિવાસી સેવંતીલાલ છગનલાલે કર્યું છે અને તેને પૂજનીય આચાર્ય શ્રી ચિદાનંદસૂરીશ્વરજી મહારાજે સંપાદિત કર્યું છે. પુસ્તકનો વિષય તેના નામથી જ સ્પષ્ટ થઈ જાય છે. પ્રાસંગિક રીતે અહીં વરસીતપની વિધિ, તેનો મહિમા, શત્રુંજય તીર્થની નવાણુ યાત્રાની વિધિ, શત્રુંજયના એકવીસ નામો સંબંધિત ખમાસમણના દુહા વગેરે બાબતો પણ આવરી લેવાઈ છે.

જય જિનેન્દ્ર : વિચારશીલ જૈનોનો વિચારશીલ અવાજ
નેટ ઉપર વાંચવા માટે અહીં લોગ ઓન કરો - http://www.jainshasan.com/magazine.html. નેટ ઉપર સત્તર હજાર પ્લસ વાચકોનો વિશાળ પરિવાર ધરાવતું અને નેટ ઉપર સીધેસીધું ગુજરાતીમાં વાંચી શકાય તેવું એક માત્ર જૈન મેગેઝિન : જય જિનેન્દ્ર

## ● શ્રી યતીન્દ્રસૂરિ દીક્ષા શતાબ્દી સ્મારક ગ્રંથ

***સંયોજક : પૂજ્ય મુનિવર્ય શ્રી જયપ્રભવિજયજી મહારાજ***
***પ્રધાન સંપાદક ડૉ. સાગરમલ જૈન***
***પ્રકાશક : શ્રી સૌધર્મબૃહત્તપાગચ્છીય ત્રિસ્તુતિક જૈન શ્રીસંઘ***
***ભેસવાડા, રાજસ્થાન***
***મૂલ્ય : અજ્ઞાત***

ત્રિસ્તુતિક સંપ્રદાયના પૂજનીય આચાર્ય શ્રી વિજય યતીન્દ્રસૂરીશ્વરજી મહારાજના દીક્ષાશતાબ્દી વર્ષ નિમિત્તે પ્રકાશિત કરાયેલા આ સ્મારક ગ્રંથનું પ્રધાન સંપાદન સુવિખ્યાત વિદ્વાન ડૉ. સાગરમલ જૈને કર્યું છે. ઉપરાંત જૈન સમાજના વિવિધ વિદ્વાનો પણ તેમને સંપાદનકાર્યમાં સહયોગી બન્યા છે.

૧૧૦૦થી પણ વધારે પાનાં ધરાવતા આ ગ્રંથમાં સદ્ગત આચાર્યશ્રીના જીવનપ્રસંગો આવરી લેવાયા છે. ત્રિસ્તુતિક સંઘને તેમણે કરેલું પ્રદાન વગેરે બાબતોનો સમાવેશ તેમના જીવનચરિત્રમાં જોવા મળે છે.

આ ગ્રંથની આકર્ષક બાજુ તો તેનો સંશોધન લેખ વિભાગ છે.

આ વિભાગમાં હિન્દી, અંગ્રેજી અને ગુજરાતી ભાષાઓમાં ભારતના મૂર્ધન્ય લેખકોના શ્રમપૂર્ણ લેખોનો સમાવેશ કરવામાં આવ્યો છે. હિન્દી લેખોમાં 'આગમિક ચૂર્ણિયાં ઔર ચૂર્ણિકાર' *(ડૉ. મોહનલાલ મહેતા)*, 'પ્રાચીન દિગંબરાચાર્ય ઔર ઉનકી સાહિત્યસાધના' *(ડૉ. રમેશચંદ્ર જૈન)*, 'ષટ્ પ્રાભૃતકા રચનાકાર કૌન ઔર ઉસકા રચનાકાલ' *(ડૉ. આર. કે. ચંદ્ર)*, 'વસુદેવ હિંડીમેં વર્ણિત સાધ્વિયાં' *(ડૉ. રંજન સૂરિદેવ)*, 'નિર્યુક્તિ સાહિત્ય : એક પરિચય' *(ડૉ. પ્રકાશ પાંડેય)*, 'ભાષ્યકાર : એક પરિશીલન' *(સમણી કુસુમપ્રજ્ઞા)*, 'છેદસૂત્ર : એક અનુશીલન' *(મુનિ દુલહરાજ)*, 'ભાષ્ય ઔર ભાષ્યકાર' *(ડૉ. મોહનલાલ મહેતા)*, 'કીર્તિકૌમુદીમેં પ્રયુક્ત છંદ' *(ડૉ. અશોકકુમાર સિંહ)*, 'પ્રાકૃત મહાકાવ્યોમેં ધ્વનિતત્ત્વ' *(ડૉ. રંજન સૂરિદેવ)* વગેરે લેખો વાંચવા જેવા છે. આ ઉપરાંત ગ્રંથના પ્રધાન સંપાદક શ્રી સાગરમલજી જૈન દ્વારા લખાયેલા વિવિધ લેખો – 'જૈન આગમોંકી મૂલ ભાષા : અર્ધમાગધી યા શૌરસેની,' 'અર્ધમાગધી આગમસાહિત્ય : એક વિમર્શ,' 'આગમસાહિત્યમેં પ્રકીર્ણકોંકા સ્થાન,' 'નિર્યુક્તિસાહિત્ય : એક પુનર્ચિંતન,' 'આચારાંગસૂત્ર : એક વિશ્લેષણ,' 'રામપુત્ત યા રામગુપ્ત : સૂત્રકૃતાંગકે સંદર્ભમેં,' 'અંતકૃદ્દશાકી વિષયવસ્તુ : એક પુનર્વિચાર,' 'પ્રશ્નવ્યાકરણકી પ્રાચીન વિષયવસ્તુકી ખોજ' વગેરે લેખો પ્રબુદ્ધ વાચકોનું ધ્યાન ખેંચે તેવા છે. આ ઉપરાંત જૈન ઇતિહાસ, જૈન દર્શન, જૈન મંત્ર સાહિત્ય, જૈન ન્યાય, જૈન શ્રાવકાચાર, દાન, યોગ, માનવતાવાદ, પર્યાવરણ, વિવિધ ગચ્છોનો ઇતિહાસ, વિવિધ જ્ઞાતિઓનો ઇતિહાસ વગેરે વિષયો અંગે પણ વિવિધ લેખકોએ પોતાની કલમનો આસ્વાદ કરાવ્યો છે.

અંગ્રેજી વિભાગમાં ડૉ. રમેશ બેટાઈ, ડૉ. અશોકકુમાર સિંહ, ડૉ. અજિત સુખદેવ શર્મા અને ડૉ. એ. એન. જૈનના લેખો જોવા લાયક છે.

ગુજરાતી વિભાગમાં 'વિનય' *(ડૉ. રમણલાલ સી. શાહ)*, 'પ્રભુ સાથે ગોઠડીને માણીએ' *(પૂ. આચાર્ય શ્રી વિજય પ્રદ્યુમ્નસૂરીશ્વરજી મહારાજ)*, 'જૈન ધાર્મિક સંદર્ભ અને મધ્યકાલીન ગુજરાતી સાહિત્ય' *(ડૉ. કાંતિભાઈ બી. શાહ)*, 'જૈન સાહિત્યમાં હેમ-કુમારપાળ સંબંધિત રૂપક કથાઓ' *(ડૉ. પ્રહલાદ પટેલ)*, 'અતિચાર અને ભારતીય ફોજદારી ધારો' *(ડૉ. કવિન શાહ)*, 'ચંદરાજાનો રાસ' *(ડૉ. કીર્તિદા જોશી)*, 'અગડદત્ત કથા' *(શ્રીમતી કલ્પનાબેન કે. શેઠ)*, 'સાધુ સંતોની વાણીમાં પ્રગટ થતી બિનસાંપ્રદાયિકતા અને સામાજિક સંવાદિતા' *(ડૉ. કનુભાઈ શેઠ)*, 'દીક્ષાના પ્રકારો' *(પૂજનીય સાધ્વી શ્રી મોક્ષગણાશ્રીજી મહારાજ)*, 'આર્ય વજસ્વામી' *(ડૉ. તારાબેન રમણલાલ શાહ)* વગેરે લેખો આસ્વાદ્ય છે.

બીજા પણ નામી અનામી લેખકોના લેખોથી ગ્રંથને સમૃદ્ધ કરવામાં આવ્યો છે. [આવા સંગ્રહણીય ગ્રંથોમાં શુદ્ધીકરણનું મહત્ત્વ સચવાવું જોઈએ એ તરફ સંપાદકોનું ધ્યાન દોરવું આવશ્યક લાગે છે.]

# સમ્મેતશિખરજીના પ્રશ્ને ઝારખંડ હાઈકોર્ટ રોજેરોજ સુનાવણી કરશે.

જય જિનેન્દ્ર સંવાદદાતા.

શ્વેતામ્બર અને દિગમ્બર જૈનો વચ્ચે ચાલતા શિખરજી તીર્થના વિવાદના પ્રશ્ને ઝારખંડ હાઈકોર્ટે રોજેરોજ સુનાવણી કરવાનું નક્કી કર્યું છે. આ સુનાવણી તા. ૧૬ જૂન ૨૦૦૩થી શરૂ થશે એમ હાઈકોર્ટના ચીફ જસ્ટિસ શ્રી વી. કે. ગુપ્તા અને જસ્ટિસ શ્રી. હરિશંકર પ્રસાદ દ્વારા અપાયેલા રૂલિંગમાં જણાવાયું છે. આ વિવાદ અંગે હાઈકોર્ટની બેંચ સમક્ષ પડેલી અનેક પિટિશનોના નિકાલ માટે લાંબા સમયની જરૂરિયાતને અનુલક્ષીને બન્ને પક્ષના વકીલોને રોજેરોજ સુનાવણી કરવા માટે સમ્મત કરાયા છે.

# અહિંસા એક્સપ્રેસ પછી હવે તીર્થંકર એક્સપ્રેસ!

જય જિનેન્દ્ર સંવાદદાતા.

રેલ્વે મંત્રાલય દ્વારા 'તીર્થંકર એક્સ્પ્રેસ' નામની ટ્રેઈન ટૂંક સમયમાં જ ચાલુ કરવામાં આવી રહી છે. આ ટ્રેઈન સિકંદરાબાદથી બિકાનેર જશે અને વચમાં અમદાવાદ અને જોધપુર સ્ટેશનોને આવરી લેશે.

# નેપાલ સરકારે ભગવાન મહાવીરના ચલણી સિક્કા બહાર પાડ્યા

જય જિનેન્દ્ર સંવાદદાતા.

ભગવાન મહાવીરના ૨૬૦૦મા જન્મ કલ્યાણકના અવસરને વધાવવા નેપાલ સરકારે વીસ ગ્રામ વજનના ચાંદીના ચલણી સિક્કા બહાર પાડ્યા છે. આ સિક્કાની વેલ્યુ ૨૫૦ નેપાલી રૂપિયાની છે.

# પોસ્ટલ ડિપાર્ટમેન્ટે ભગવાન મહાવીરની સ્મૃતિમાં ખાસ કવરો રિલિઝ કર્યાં

જય જિનેન્દ્ર સંવાદદાતા.

ભગવાન મહાવીરના ૨૬૦૦મા જન્મ કલ્યાણક નિમિત્તે ભારત સરકાર દ્વારા ૧૫ રૂપિયાનું મૂલ્ય ધરાવતાં ખાસ કવરો રિલિઝ કરવામાં આવ્યાં છે.

# ભોપાલ દેરાસરમાંથી ૧૧ મૂર્તિઓ ચોરાઈ

જય જિનેન્દ્ર સંવાદદાતા.

ભોપાલની નજીક આવેલા ભગવાન મહાવીરના સુપ્રસિદ્ધ દેરાસરમાંથી અગિયાર ધાતુપ્રતિમાઓની ચોરી થતાં ચકચાર જાગી છે. 'મનુઆ ભાણ કી ટેકરી' ઉપર આવેલા આ દેરાસરમાંથી ચોરાયેલી મૂર્તિઓ સંદર્ભે પૂજારી મહેશદાસ બૈરાગીએ નોંધાવેલી ફરિયાદમાં કહેવાયું છે કે હંમેશની જેમ સાંજે સાત વાગે દેરાસર બંધ કરવામાં આવ્યું હતું, જે સવારે ખોલતી વખતે તાળાં તૂટેલી હાલતમાં જણાયું હતું. આશ્ચર્યજનક રીતે દેરાસરમાં મૂકેલા ભંડારને ચોરોએ હાથ સુદ્ધાં લગાડ્યો નથી, તેનાથી પોલીસે એવું અનુમાન કર્યું છે કે પ્રાચીન મૂર્તિઓની લે-વેચ સાથે સંકળાયેલી કોઈ પ્રોફેશનલ ગેંગ આ કાર્યમાં સંડોવાયેલી હોવી જોઈએ. પોલીસે માહિતી આપનાર માટે રૂપિયા ૧૫ હજારનું ઇનામ જાહેર કર્યું છે.

ઉલ્લેખનીય છે કે છેલ્લા કેટલાક મહિનાઓમાં જૈન દેરાસરોમાં થતી ચોરીઓના પ્રમાણમાં ચોંકાવનારી હદે વધારો થયો છે.

**અનુસંધાન પાન ૮નું ચાલુ**

ચર્ચા કરવી જોઈએ. 'જૈનશાસનની હીલણા'ના ઓઠા નીચે પોતાની બદનામીને દબાવી દેવાની વૃત્તિથી પીડાતા સાધુઓ હકીકતે તો ઘરમાંથી નીકળેલો કચરો જાજમ નીચે નાખી દેવાનું કામ જ કરે છે. જે વ્યક્તિ દીક્ષા લે છે તેને ઘણીવાર તો ખબર પણ હોતી નથી કે પોતે જે માર્ગે જઈ રહ્યો છે ત્યાં જઈને તેણે શું કરવાનું છે. આપણે કચરાપોતા કરવા માટે માણસ રાખીએ છીએ તો એની પણ પૂરી ચકાસણી કરીએ છીએ, પણ દીક્ષા આપતાં પહેલાં દીક્ષાર્થીની કોઈ જાતની ચકાસણી કરતા નથી.

મારી દૃષ્ટિએ અયોગ્ય દીક્ષા એ જૈન શાસનની (અનેક સમસ્યાઓ પૈકીની એક) મોટી સમસ્યા છે. આ સમસ્યાનો ઉપાય મારી સમજ મુજબ આ રીતનો હોઈ શકે :

દીક્ષા લેનાર વ્યક્તિની પીઢ, ધર્મચુસ્ત અને શ્રદ્ધાળુ શ્રાવક-શ્રાવિકાઓ પરીક્ષા કરે.

જે પરિવારમાં વ્યક્તિ દીક્ષા લેનાર હોય તે પરિવાર સિવાયના એટલે કે અન્ય સમુદાયના નિષ્પક્ષ, વિદ્વાન અને ચારિત્રશીલ ગીતાર્થ સાધુઓ તેની પરીક્ષા કરે.

દીક્ષા લેતાં પહેલાં સાધુજીવનમાં જરૂરી એવું ચરણસિત્તરી અને કરણસિત્તરીનું જ્ઞાન હોવું ફરજિયાત ગણાય. આજે તો એવું બને છે કે જે વ્યક્તિની દીક્ષા થવાની હોય છે તેની આમંત્રણ પત્રિકામાં જીવવિચાર, નવતત્ત્વ વગેરેનો અભ્યાસ દર્શાવ્યો હોય છે, પરંતુ મેં જાતે ઘણાં સ્થળે પરીક્ષા કરીને ખાતરી કરી છે કે એવા દીક્ષાર્થીને ચારિત્રજીવનનું જરાયે જ્ઞાન હોતું નથી. વળી તેણે જે સૂત્રો ગોખ્યાં હોય છે તેમાંય શુદ્ધિનાં ઠેકાણાં હોતાં નથી.

દીક્ષાર્થી માટે એકાસણા જેવાં તપ જ્યાં ફરજિયાત ન હોય એવા પરિવારોમાં દીક્ષા અપાવવાનો કોઈ જ અર્થ નથી. નવજવાન દીક્ષાર્થી પણ જો એક ટંક વાપરવાની ભગવાનની ચોખ્ખા શબ્દોની આજ્ઞાનું પાલન કરી શકવાનો ન હોય તો તે આગળ જઈને શું ઉકાળવાનો? ભગવાને માત્ર બાલ, ગ્લાન અને વૃદ્ધને જ એકથી વધુ વખત વાપરવાની આજ્ઞા કરી છે તે દીક્ષાર્થીને સતત કહેતા રહેવું જોઈએ.

દીક્ષા લેનાર વ્યક્તિને ખબર હોવી જોઈએ કે તેણે પોટલાં ભેગાં કરવા માટે દીક્ષા લીધી નથી કે પોતાનું મકાન (આરાધના ભવન!) બનાવીને પડ્યા રહેવા માટે પણ દીક્ષા લીધી નથી.

દીક્ષાના પહેલા દિવસથી જ જ્યાં કાવાદાવાનું શિક્ષણ મળવાનું હોય એવા પરિવારોમાં દીક્ષા લઈને જરાય આત્મકલ્યાણ થવાનું નથી પરંતુ ઉપરથી અકલ્યાણ જ થવાનું છે તેની દીક્ષાર્થીને ખુદને સ્પષ્ટ સમજ હોવી જોઈએ.

બાકી તો જૈન ધર્મના વિદ્વાન અને નિષ્ઠાવાન આચાર્યો જ આ સમસ્યા અંગે સાચો રસ્તો બતાવી શકે. એકવાર અયોગ્ય દીક્ષાને સળગતી સમસ્યા તરીકે સ્વીકારવાનું વલણ જાગ્રત થશે તો તેના નિવારણના રસ્તાઓ તો અવશ્ય મળી આવશે.

**ચંદ્રકાન્ત શાહ** (વાસણા, અમદાવાદ)

**આ વાચકની વાત પણ ગંભીર વિચારણા તો માગે જ છે**

જૈન ધર્મની સળગતી સમસ્યાઓ અંગે આપે જય જિનેન્દ્રમાં પત્ર લખવાનું કહ્યું છે તેથી આ પત્ર લખું છું. મને લાગે છે કે આજની સૌથી મોટી કોઈ સમસ્યા જો હોય તો તે ગામેગામ બનતાં બિનજરૂરી દેરાસરો છે. જૂનાં દેરાસરો પૂજાતાં નથી અને નવાં નવાં બનતાં જ જાય છે. નવાં નવાં તીર્થો રોજેરોજ ઊભાં થતાં જ જાય છે. કોઈક યુગમાં દેરાસરો જરૂર દર્શનશુદ્ધિનું કારણ રહ્યાં હશે, પરંતુ આજે તો દેરાસરો અનીતિનાં ધામ બની ગયાં છે. મોટાં બજેટોથી બનતાં દેરાસરોની સારસંભાળ રાખવાનાં ફાંફાં પડે એવી હાલત થઈ છે. છેલ્લાં કેટલાંક વર્ષોમાં બનેલાં દેરાસરો ભ્રષ્ટાચારનું કેન્દ્ર બન્યાં છે. નવાં નવાં તીર્થોમાં સાધ્વીજીઓ પ્રેગ્નન્ટ થાય તેવા અતિગંભીર બનાવો બને છે. મહારાજ સાહેબોની માલિકીનાં દેરાસરોનો ઉપયોગ તેમના શિષ્યો પોતાની વાસના સંતોષવા માટે કરે છે. દેરાસરોના પાળીતા નોકરો રીતસર તેમને આ મામલે ગુપ્ત સહકાર આપતા હોય છે. આ સમસ્યાના ઉકેલ તરીકે : ૧. મહારાજ સાહેબો સંકળાયેલા હોય તેવાં દેરાસરો બનાવવાનું બંધ કરવું જોઈએ, ૨. જ્યાં પહેલેથી દેરાસર હોય ત્યાં બીજું દેરાસર ન બનાવવું જોઈએ, ૩. જરૂરત ઊભી થયેથી દેરાસર બનાવવું જ પડે તો નાનું દેરાસર જ બનાવવું અને ૪. દેરાસરની સાથે ધર્મશાળા તો કદી ન જ બનાવવી જોઈએ.

**હેમાંગ તુરખીયા** (રાજકોટ)



આપણે વાચક ઉદયરત્નનાં સ્તવનો, સજ્ઝાયો વગેરે ઘણું જ બોલતા હોઈએ છીએ પરંતુ તેમના વિષે વિગતવાર માહિતી આટલાં વરસોમાં પહેલી વાર જ *જય જિનેન્દ્ર*માં મળી. આવા વિશેષાંકો દ્વારા ઇતિહાસમાં ધરબાયેલી ઘણી સામગ્રી બહાર લાવી શકાય.

**સાધ્વી પ્રિયંવદાશ્રી** (અમદાવાદ)

*જય જિનેન્દ્ર*નો વાર્ષિક શાસનગૌરવ વિશેષાંક ખૂબ જ ગમ્યો. બધી જ સામગ્રી રસદાયક હતી. મહારાણા પ્રતાપનો પત્ર પહેલી વાર જ વાંચવા મળ્યો. અંગ્રેજીમાં 'ફર્સ્ટ એનિવર્સરી'ના બદલે ગુજરાતી પ્રયોગ કર્યો હોત તો વધારે સારૂં થાત.

**મોહનલાલ શાહ** (પાર્લા, મુંબઈ)

*જય જિનેન્દ્ર*માં મહારાણા પ્રતાપના પત્રથી એ ફલિત થાય છે કે પૂર્વાચાર્યોની ચારિત્રસુવાસ કેટલી બધી વિસ્તરેલી હતી. એ વખતના આચાર્યોને આજની જેમ સામેથી મંત્રીઓને બોલાવીને વાહવાહ કરાવવાની જરૂર નહોતી પડતી.

**કુમાર જૈન** (ન્યૂ દિલ્હી)

*જય જિનેન્દ્ર*ની જિનશાસન ગૌરવ વિશેષપૂર્તિની સામગ્રી સારી રહી. ઐતિહાસિક પ્રસંગોનું સંકલન સુંદર રહ્યું.

**રજનીકાન્ત શાહ** (તાડદેવ, મુંબઈ)

*જય જિનેન્દ્ર*માં તમે રાણા પ્રતાપનો જે પત્ર છાપ્યો છે તે ખૂબ ગમ્યો. આવા દેશપ્રેમી રાજાઓ ઉપર જૈનાચાર્યોની કેવી છાપ હતી એ વિચારવા જેવું છે.

**ઉત્તમલાલ વોરા** (ચીંચબંદર, મુંબઈ)

*જય જિનેન્દ્ર*નો વિશેષાંક સાચવી રાખવા જેવો બન્યો છે. તંત્રીલેખની ખાટીમીઠી વાતોમાં આપે ઘણું કહી દીધું. આપની એ વાત તો ખરી જ છે કે કોઈના વગર જિનશાસન અટકી પડવાનું નથી, પરંતુ આજના જૈનસમાજમાં ઘણા લોકો એવું ધારી બેઠા છે કે તેમના વિના જૈન શાસન અટકી પડશે! જૂના અંકો વાંચી શક્યા ન હોય તેવા વાચકો માટે પ્રથમ વર્ષનો ફ્લેશબેક ઉપયોગી રહ્યો.

**પ્રીતિ શાહ** (ઉધના, સૂરત)

જૈન શાસનના ગૌરવને રજૂ કરતી પૂર્તિરૂપ વિશેષાંક ખૂબ સુંદર હતો, પરંતુ ગૌરવપ્રદ ઇતિહાસમાં જાણે મહિલાઓનું કોઈ યોગદાન હોય જ નહીં એ રીતે માત્ર પુરુષોની જ વાતો લખી. સ્ત્રીઓએ કરેલા પ્રદાનની વાતો પણ લખવા જેવી હતી. જૈન ધર્મની ઉન્નતિ માટે મહિલાઓએ પણ કંઈ ઓછાં કામો નથી કર્યાં.

**નિરંજનાબેન એ. શાહ** (ધીકાંટા, અમદાવાદ)

> **જય જિનેન્દ્ર**
>
> જૈનસંઘની સળગતી સમસ્યાઓ અંગે *જય જિનેન્દ્ર*ને પત્ર લખો અને ૧૦૦ રૂપિયાનું પ્રોત્સાહક ઇનામ મેળવો વધારે વિગતો માટે *જય જિનેન્દ્ર*નો એપ્રિલ, ૨૦૦૩નો અંક જુઓ.

આપે *જય જિનેન્દ્ર*માં જૈનસંઘની સમસ્યાઓ અંગે લખવાનું આહ્વાન કર્યું હતું (*જય જિનેન્દ્ર*, એપ્રિલ, ૨૦૦૩) તેથી આ પત્ર લખવા પ્રેરાયો છું. વર્તમાન જૈન સંઘમાં સમસ્યાઓનો પાર નથી. પરંતુ મારી દૃષ્ટિએ સૌથી મોટી સમસ્યા છે અયોગ્ય દીક્ષા.

વૈરાગ્યનો છાંટોયે ન હોય, આચરણમાં પારદર્શકતા ન હોય, સાધુજીવનને લગતા જ્ઞાનનું નામનિશાન ન મળે, એવા લોકોને દીક્ષાઓ આપવાથી પાછળથી જૈન સંઘમાં કૌભાંડોનો સિલસિલો ચાલુ થાય છે.

આજના યુગમાં દીક્ષાઓ ખૂબ વધી છે, પરંતુ દીક્ષાની પાત્રતા કેટલી વધી છે? ભોળા માણસો દીક્ષાઓ વધવાથી રાજી રાજી થાય છે, પરંતુ દીક્ષા લીધેલ વ્યક્તિના પછીથી કેવા હાલહવાલ થાય છે તેની ચિંતા કોઈ કરે છે ખરૂં?

શિષ્ય ન હોય તો સાધુની પદવી અટકે. પછી પદવીના મોહ અને લોભમાં કાવાદાવા કરીને દીક્ષા અપાય. ક્યાંક ક્યાંક તો દીક્ષા આપવા માટે પૈસાની લેવડદેવડનો વ્યવહાર થતો હોવાનું પણ બને છે. આવી રીતે દીક્ષાઓ થયા પછી સાધુસંસ્થા બદનામ થાય તેવાં કૌભાંડો ન થાય તો જ નવાઈ.

ગુરુ કાળધર્મ પામે, ગુરુભાઈ હોય નહીં, પોતાના પરિવારના અન્ય સાધુઓ ગમે તે પૂર્વાગ્રહસર તેને રાખે નહીં, આ અને આવાં બીજાં જેન્યુઇન કારણસર કોઈ સાધુ એકલો પડે, પછી તેને સમાજમાં સ્થાન ન મળે, ઉપાશ્રયોમાં વિહાર કરીને આવતાં તેનું અપમાન થાય, આવી સ્થિતિમાં તે સાધુ જેને તેને દીક્ષા આપવા પ્રેરાય. એકમાંથી બે થવાની પ્રબળ વૃત્તિ અનિચ્છાએ પણ જાગે. પછી 'જે મળે તેને મૂંડી નાખવાની' પરિસ્થિતિ ઊભી થાય, છેવટે સાધુસંસ્થામાં અયોગ્ય વ્યક્તિ દાખલ થાય. એકમાંથી બે થવાની ગરજે અપાયેલી દીક્ષાના કારણે પેલા નૂતન સાધુને અભ્યાસ, ઉત્તમ આચારપાલન, વ્યવહારશુદ્ધિ વગેરે બાબતો અંગે તેના ગુરુ ભાર દઈને કશું કહી શકે નહીં, સરવાળે અપાત્ર સાધુઓની સંખ્યા વધતી જ જાય છે.

આ તો માત્ર બે દાખલા થયા. આવાં અનેકવિધ કારણોસર ખોટી દીક્ષાઓનું પ્રમાણ વધ્યું છે.

હમણાં હમણાંથી તો આખાં ને આખાં કુટુંબો દીક્ષામાંથી પાછા ફરવાના ચોંકાવનારા બનાવો બનવા માંડ્યા છે. આખું કુટુંબ દીક્ષા લેવાનું હોય ત્યારે છાપાંઓમાં દિવસો સુધી તેની ચર્ચા થતી રહે છે. તેઓ પાછા ફરે ત્યારે કેમ બધા મૌન થઈ જાય છે? સૂરત, મુંબઈ-અંધેરી અને અમદાવાદ-વાસણા ખાતે કુટુંબોનાં કુટુંબો દીક્ષામાંથી પાછા કેમ ફર્યાં તેની ખુલ્લા દિલે

**અનુસંધાન પાન ૭ ઉપર**

**જય જિનેન્દ્ર તરફથી આ અંકનો પુરસ્કાર મેળવે છે આ પત્રના લેખક શ્રી ચંદ્રકાન્ત શાહ**

## ધ લાસ્ટ બાઇટ...

**બોધપાઠ**

નિષ્ફળ લેખકનું સફળ નાટક : 'પારકી કલમે લેખક થવાના ધખારા' *(સૌજન્ય : 'હારિત' પટેલ)*

●

**સ્પંદન**

જાત અનુભવથી સમજાયું,
પુણ્ય સ્વયં છે પાપનું મૂળ... *(કવિ અમૃત 'ઘાયલ')*

●

**ના હોય!**

અસ્તકીર્તિ : 'તમે મારૂં નવું પુસ્તક વાંચ્યું?'
બચુલાલ : 'ના, તમે વાંચ્યું?'

## !! अहो कार्टुनम्




Printed, Published and Owned by Nirved Acharya, 68 Niharika Bungalows, Nr. Azad Society, Ambavadi, AMDAVAD 380 015
Printed at Shivkrupa Offset Printers, 27 Amrut Industrial Estate, Nr. Dudheshvar Water Tank, Amdavad 380 004